## ધનસુરા ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રાનો રથ આવતા સ્વાગત કરવામાં આવ્યું



ધનસુરા ખાતે વંદે ગુજરાત વિકાસ યાત્રા નો રથ આવતા સ્વાગત કરવામાં આવ્યું હતું.ધનસુરા પરબડી ચોક ખાતે રથ આવતા તેનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ગામલોકો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.અને સરકાર ની વિકાસગાથા ને લોકો સુધી પહોંચાડવા માટેનો કાર્યક્રમ આંજણા ચૌધરી પટેલ સમાજવાડી ધનસુરા ખાતે રાખવામાં આવ્યો હતો. અને લાભાર્થીઓને યોજનાના લાભો નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રથ ગુજરાતના તાલુકાઓ અને ગામોમાં પરિભ્રમણ કરીને છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતમાં થયેલા વિકાસથી લોકોને વાકેફ કરશે. ગુજરાતના ૨૦ વર્ષ ના વિકાસને વિકાસયાત્રાથી માહિતગાર કરવા સમગ્ર ગુજરાત માં વંદે ગુજરાત વિકાસ યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે.જેમાં પ્રાંત અધિકારી, જિલ્લા પંચાયત ના બાંધકામ સમિતિ ના ચેરમેન હિરેન પટેલ,સરપંચ હેમલત્તાબેન પટેલ,મામલતદાર,ધનસુરા તાલુકા વિકાસ અધિકારી રાકેશકુમાર પટેલ, નરેન્દ્રભાઈ પટેલ, અનિલભાઈ પટેલ,ડો.શિરીષભાઈ શાહ,ડેપ્યુટી સરપંચ કાર્તિકભાઈ પટેલ, અવધેશ પટેલ,અતુલભાઈ બ્રહ્મભટ્ટ, રૂપલબેન બ્રહ્મભટ્ટ, પ્રીતિબેન ઠેકડી,પુષ્પાબેન ઠાકોર, ફોરેસ્ટ ઓફિસર, તલાટી નીતિનભાઈ પ્રિયદર્શી ગ્રામ પંચાયત ના સદસ્યો તેમજ ધનસુરા ના આગેવાનો, અધિકારીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## કલ્યાણપુર ગામમાં કિં. રૂ. ૧,૪૦,૦૦૦/- ની માલમત્તાની લૂંટ ચલાવી આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી ઉચ્ચારી

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કલ્યાણપુર ગામમાં આશરે ૧૦૦ થી વધુ આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરૂ રચી હાથમાં લાકડી,તલવાર સહિત ધારીયા જેવા ધાતક હથિયારો ધારણ કરીને મહિલાના તંબુમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરીને મહિલાની છેડતી કરીને બિભત્સ અપશબ્દો બોલીને ગડદાપાટુનો માર માર્યો હતો. અરૂણાબેન કમલેશભાઈ ગામેતીના ગળામાં પહેરેલ એક તોલા નો સોના નો દોરો કિં. રૂ. ૫૦,૦૦૦/- નો તોડી લઈ અને એક થેલામાં ખેતીના કામકાજ માટે રાખેલા રૂપિયા. ૯૦,૦૦૦/- રોકડા સહિત કુલ મુદ્દામાલની કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- લૂંટ ચલાવી આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપી જીલ્લા મેજિસ્ટ્રેટના હથિયાર બંધી જાહેરનામા નો સરેઆમ ભંગ કરીને આરોપીઓ ભાગી છૂટયા હતા. કલ્યાણપુર ગામના અરૂણાબેન કમલેશભાઈ ગામેતીએ ૩૨ આરોપીઓ સહિત આશરે ૧૦૦ વ્યકિતના ટોળા વિરૂદ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ધારા-ધોરણ મુજબ વધુ કાર્યવાહી હાથ ધરી છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ , એમ.જી.વસાવાએ બનાવ સંદર્ભે વધુ તપાસ હાથ ધરી છે.

## અરવલ્લી : શામળાજી નજીક વેણપૂર (નવા ગામ)માં તસ્કરો ૪ મકાનને નિશાન બનાવ્યા

અરવલ્લી જીલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં તસ્કર ટોળકી અને ઘરફોડ ગેંગ સમયાંતરે ત્રાટકી લાખ્ખો રૂપિયાની ચોરીની ઘટનાને અંજામ આપી રહી છે તસ્કરોને જાણે કોઈ ડર જ ન હોય તેમ બેખોફ બની ચોરી કરતા લોકોમાં ભારે ભય પ્રવર્તી રહ્યો છે લોકોમાં પોલીસતંત્રની કામગીરી સામે રોષ પ્રવર્તી રહ્યો છે. શામળાજીના વેણપુર (નવાગામ)માં ૪ મકાનમાં તસ્કરો ત્રાટક્યા હતા જેમાં એક મકાનમાંથી તસ્કરોએ સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી લાખ્ખો રૂપિયાના મુદ્દામાલની ચોરી કરવામાં સફળ રહ્યા હતા ૩ મકાનમાં તસ્કરોનો ફેરો નિષ્ફળ રહ્યો હતો પરોઢિયે પરિવારને જાણ થતા આભ તૂટી પડ્યું હતું ચોરીની ઘટનાના પગલે શામળાજી પોલીસે ઘટનાસ્થળે પહોંચી પ્રાથમિક તપાસ હાથધરી હતી શામળાજી પંથકમા પોલીસ નાઈટ પેટ્રોલિંગ સઘન બનાવે તેવી લોક માંગ પ્રબળ બની છે. શામળાજી નજીક આવેલા વેણપૂર (નવા ગામ) માં રહેતા પૂનમચંદ થાવરચંદ પટેલ અને તેની આજુબાજુમાં રહેતા પરિવારો શનિવારે રાત્રે વાળું કરી મકાનમાં આગળના ભાગે ઉંઘી ગયા હતા મોડી રાત્રે તસ્કરો પાછળના દરવાજેથી અને બારીમાંથી તેમના ઘરમાં ત્રાટકી ઘરમાં તિજોરી અને કબાટમાં રાખેલા સોના-ચાંદીના ૧૨ તોલાથી વધુના દાગીના અને ૩૦ હજારથી વધુની રોકડ સહીત લાખ્ખો રૂપિયાના મુદ્દામાલની ચોરી કરી નજીકમાં આવેલા અન્ય ૩ મકાનોમાં ત્રાટકી ઘરમાં રહેલા માલસામાન, તિજોરીઓ અને કબાટ ફંફોસી નાખ્યા હતા સદનસીબે ત્રણે મકાનમાં તસ્કરોને કિંમતી ચીજવસ્તુ કે રોકડ રકમ હાથ ના લાગતા રફુચક્કર થઈ ગયા હતા વહેલી સવારે ઊંઘ ઉડતા અને ઘરમાં દ્રશ્ય જોતા જ ચોરી થયાની જાણ થતા પરિવારજનો આઘાતમાં સરી પડ્યા હતા ચોરીની ઘટનાને પગલે ગ્રામજનો એકઠા થઈ ગયા હતા ચોરીની ઘટનાને પગલે શામળાજી પોલીસ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી ચારે મકાનમાં પ્રાથમિક તપાસ હાથધરી કાયદેસરની કાર્યવાહી કરવા તજવીજ હાથ ધરી હતી.



## એસ.ટી.તંત્રની બેદરકારી : લો બોલો ડ્રાઈવર બસ ચલાવે કે પછી વરસતા વરસાદમાં વાઈપર બની કાચ સાફ કરે



સલામત સવારી એસટી અમારી આ સૂત્ર રાજય સરકારની બસો એટલે કે એસટી નિગમનું છે આ સૂત્ર સાથે રાજ્ય સરકાર એસટી બસ સેવાને પ્રમોટ કરે છે ત્યારે એસટી તંત્રની બેદરકારી વારંવાર બહાર આવતી હોય છે એસટી બસોની સમયસર મરામત ન થતા અનેક વાર રસ્તામાં ખોટકાઈ પડતી હોય છે રાજ્યમાં ચોમાસુ શરૂ થાય તે પહેલા એસટી નિગમ દ્વારા પ્રિ-મોન્સૂન પ્લાન બનાવી તમામ બસની યોગ્ય જાળવણી કરવા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવે છે પરંતુ આ ગ્રાન્ટ માંથી કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ ખિસ્સા ભરી રહ્યા હોવાની બૂમો ઉઠતી રહી છે અને પ્રિમોનસૂન કામગીરી અંતર્ગત વાઈપર અને તૂટેલા કાચ બદલવામાં આવતા નથી. હાલ સૌરાષ્ટ્ર સહીત ગુજરાતમાં મેઘરાજાની તોફાની બેટિંગ ચાલુ છે ત્યારે મેઘરજ ખંભાળિયા બસનું વાઈપર કામ કરતુ ન હોવાથી ડ્રાઈવરને બસ ચલાવવામાં ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતા ડ્રાઈવર થોડી થોડી વારે વરસતા વરસાદમાં રૂમાલથી કાચ સાફ કરવા મજબુર બન્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર મોડાસા એસટી ડેપોની બસમાં પ્રિ મોન્સૂન રીપેરીંગના કામમાં ભારે વેઠ ઉતારવામાં આવતી હોવાથી કેટલીક બસના વાઈપર બંધ હાલતમાં અથવા તૂટેલી હાલતમાં હોવાનું તેમજ એસટી બસના બારીના કાચ પણ તૂટેલા હોવાથી એસટી કર્મચારીઓ અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.


# જિલ્લામાં પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં તંત્ર નિદ્રાધિન અવસ્થામાં

### ૮ પાલિકા વિસ્તારોમાં પણ પ્રતિબંધના ૯ દિવસ પછી અમલ કાગળ ઉપર..!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ અને વેચાણ ઉપર તા.૧ જુલાઈથી પ્રતિબંધ આવ્યો હોવા છતાં પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં તંત્ર નિદ્રાધિન અવસ્થામાં છે. બંને જિલ્લાના આઠ પાલિકા વિસ્તારોમાં પ્રતિબંધનો અમલ કરવાની કામગીરી ૯ દિવસ પછી પણ કાગળ ઉપર જણાઈ રહી છે.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્લાસ્ટિકના ઉપયોગથી પર્યાવરણ અને જળસ્રોતને ગંભીર નુકસાન થતું હોવાથી સિંગલ યુઝ પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ૩૦ જૂન સુધીમાં સમગ્ર રાજયમાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો વપરાશમાં ન આવે તેવા આયોજન સાથે તેના ઉપયોગ અને વેચાણ ઉપર તા.૧ જુલાઈથી પ્રતિબંધ આવી ગયો છે પરંતુ જિલ્લામાં હજુ પણ ઠેકઠેકાણે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ અને વેચાણ થઈ રહ્યું છે. પ્રદુષણ નિયંત્રણ બોર્ડ તમામ નગરપાલિકાઓને પ્રતિબંધનો અમલ કરવાની તાકિદ કરી હોવા છતાં છેલ્લા ૯ દિવસથી પ્લાસ્ટીક જપ્ત કરવાની કામગીરી શહેરી



વિસ્તારોમાં બેઅસર છે. પાલિકાના સેનેટરી વિભાગને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરવામાં જરાય રસ ન હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં હજુ પણ સિંગલયુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ થઈ રહ્યો છે. સરકારે ૭૫ માઈક્રોનથી ઓછી જાડાઈ વાડી પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હોવા છતાં બાયડ, મોડાસા, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, હિંમતનગર અને ખેડબ્રહ્મા સહિતના પાલિકા વિસ્તારોની દુકાનોમાં હજુપણ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ અને વેચાણ થઈ રહ્યું હોવા છતાં સેનેટરી વિભાગની કામગીરી નિરસ જોવા મળી રહી છે. જિલ્લામાં પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી દંડ કરવા માટે આપવામાં આવેલી સુચનાઓ બેઅસર સાબિત થઈ હોવાના કારણે જિલ્લામાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડના પ્લાસ્ટિક પરના પ્રતિબંધનો અમલ હોસિયામાં ધકેલાઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે. જિલ્લામાં શહેરી વિસ્તારોતો ઠીક પરંતુ ગામડાઓની દુકાનોમાં પ્લાસ્ટિકનો ઉપયોગ અને વેચાણ થઈ રહ્યું છે. પ્લાસ્ટીક ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધનો યોગ્ય રીતે પ્રચાર-પ્રસાર થયો ન હોય તેમ પ્રજા પણ બજારમાં ખરીદી કરવા સમયે કપડાંની થેલીનો ઉપયોગ કરવાના બદલે વેપારીઓ પાસે પ્લાસ્ટીકની થેલી અને ઝભલાનો આગ્રહ રાખી રહી છે જેને કારણે પ્લાસ્ટીક ઉપર મુકવામાં આવેલા પ્રતિબંધને શરુઆતથી નબળો પ્રતિસાદ મળ્યો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

### ગુરૂબીન જ્ઞાન ન ઉપજે, ગુરૂબીન મીટે ન ભેદ, ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વરા...

# ગુરૂ પૂર્ણિમા : જિલ્લાના આશ્રમો, દેવમંદિરો સજાવાયાં, બુધવારે શિષ્યો ગુરૂ કંઠી બાંધવા ઉમટશે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

જિલ્લામાં બુધવારે ગુરૂપૂર્ણિમાના પર્વની શ્રદ્ધા-ભાવપૂર્વક ઉજવણી થશે. સવારે ભક્તોથી આશ્રમો, દેવમંદિરો ઉભરાઈ જશે. ગુરૂ પ્રત્યે ઋણ અદા કરવાના અવસર સમી ગુરૂ પૂર્ણિમાના દિવસે ગુરૂ કંઠી બાંધવા અને પૂજન માટે ભક્તોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લાના જાણીતા આશ્રમો તથા દેવમંદિરોમાં ગુરૂ પૂજનના કાર્યક્રમોની સાથે મહાપ્રસાદ તૈયાર કર્યાનું જાણવા મળેલ છે.




ગુરૂબીન જ્ઞાન ન ઉપજે, ગુરૂબીન મીટે ન ભેદ..સંસારમાં રહીને અધ્યાત્મના ઉંડા રહસ્યો ઉકેલી જીવમાંથી શિવ બનવા ઉપરાંત આત્માની સાચી ઓળખ માટે આત્મજ્ઞાની ગુરૂઓનું માર્ગદર્શન મહત્વનું બની રહેતું હોય છે. ભારતીય સંસ્કૃતિમાં તો ગુરૂની મહત્તા બતાવતાં કહેવાયું છે કે ગુરૂ બ્રહ્મા, ગુરૂ વિષ્ણુ, ગુરૂ દેવો મહેશ્વર આમ માનવીના જીવનમાં ફેલાયેલા અંધકારને ગુરૂ જ્ઞાનની જ્યોતથી દૂર કરવાની ચાવી આપી શરણે આવનારાઓને ભવસાગર પાર કરવાનો માર્ગ બતાવતા હોવાથી આદિકાળથી ગુરૂ પરંપરા ચાલી આવી હોવાથી ભાવપૂર્વક ગુરૂપૂર્ણિમાના પાવન પ્રસંગે ઉજવણી થનારી છે. જિલ્લામાં ગત વર્ષની જેમ આ વર્ષે પણ આશ્રમો તથા જાણીતા દેવમંદિરોમાં ગુરૂ પૂજનના વિશેષ કાર્યક્રમો આયોજીત થયા હોઈ ગુરૂ મહોત્સવની તૈયારીઓ અગાઉથી જ સંપન્ન કરી દેવાઈ છે. ગુરૂ મુખી શિષ્યોમાં ગુરૂ પૂજનનો ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે. ગુરૂ પૂર્ણિમાના પર્વ નિમિત્તે પોત પોતાના ગુરૂઓના સાનિધ્યમાં હજારો શિષ્યો ઉમટી પડનારા હોઈ જિલ્લાના બાયડનું ગાયત્રી શક્તિ પીઠ, સુંદરપુરામાં અયોધ્યાધામના સંતશ્રી કેશવદાસજી મહારાજના સાનિધ્યમાં રામજી મંદિર, ડેમાઈનો વિષ્ણુધામ આશ્રમ, મોડાસા તાલુકાના પ્રસિદ્ધ બોલુન્દ્રાના શ્રી કૃષ્ણ આશ્રમ, સાલમપુરમાં મોહન બાવજીનો આશ્રમ, સરડોઈના ગાયત્રી આશ્રમે પૂજ્ય પ્રધ્યુમન બાવજીના આશ્રમે તેમજ ગુરૂદત્ત આશ્રમમાં વિશ્વબંધુ જયશંકર મહારાજની નિશ્રામાં, ગોધમજીમાં જેસીંગ બાવજીનો આશ્રમ, મુનાઈમાં નાથુરામ બાવજીનો આશ્રમ તેમજ શામળાજી ગાયત્રી શક્તિ પીઠ ખાતે ગુરૂ પૂર્ણિમાનો ભવ્ય મહોત્સવ, બોરણામાં ગાયત્રી ઉપાસક મહેન્દ્રભાઈ ઉપાધ્યાયના આશ્રમ સહિત તખતગઢ ખાતે બજરંગદાસ બાપાની મઢુલીએ બાપા સીતારામના હજારો ભક્તો ભારે શ્રદ્ધાપૂર્વક ગુરૂપૂર્ણિમા પર્વની ઉજવણી માટે ઉમટી પડનાર હોવાથી તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે જ્યારે ગુરૂ પૂજન સમયે કોઈ અગવડતા ઉભી ન થાય તે માટે પણ દેવમંદિરો તથા આશ્રમોમાં ખાસ આયોજન ગોઠવવાની સાથે મહાપ્રસાદના આયોજનો પણ હાથ ધરાયાનું જાણવા મળ્યું છે.

## ગૌરીવ્રત : જિલ્લાના અનેક સ્થળોએ લોકમેળા જેવો માહોલ

### અનેક સેવાભાવીઓએ ગૌરીવ્રત કરનારી બાલિકાઓને સૂકા મેવાનું વિતરણ કર્યું



બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

જિલ્લામાં ગૌરીવ્રત ઉજવણી પૂર્ણાહૂતિના આરે છે ત્યારે ગતરોજ જિલ્લાના અનેક સ્થળોએ ગૌરીવ્રતધારી બાલિકાઓ-યુવતીઓ અને પરિવારજનો ઉમટતાં અનેક વિસ્તારોમાં લોકમેળા જેવો માહોલ ઉભો થયો હતો. વરસાદ વરસ્યા પછી સર્વત્ર લીલીચાદર પથરાઈ છે ત્યારે લોકમેળા સ્થળે નયનરમ્ય દ્રશ્યો સમી સાંજ થતાં જોવા મળી રહ્યા છે. દરેક કુંવારીકાઓ પોતાને મનગમતો માણીગર મળે તે માટે ગૌરીવ્રત કરતી હોય છે. પરણિતાઓ જયાપાર્વતીનું વ્રત કરી પરિવારની સુખ-સમૃદ્ધિ માટે ઉપવાસ કરતી હોય છે. જિલ્લામાં ગૌરીવ્રતની ઉજવણી સાથે જ વરસાદે મેઘમહેર કરતાં સર્વત્ર હર્ષોલ્લાસ જોવા મળ્યો હતો. જિલ્લાના તમામ શિવાલયો પરોઢે ગૌરીવ્રત કરનારી કન્યાઓના કારણે ઉભરાઈ રહ્યાં છે અને સાંજ ઢળતાં જ શહેરી અને ગ્રામ્ય વિસ્તારના પીકનીક સ્થળો ગૌરીવ્રતધારી કન્યાઓથી ઉભરાઈ જતાં હવે અનેક ધંધાદારીઓએ ત્યાં આનંદમેળા જેવો માહોલ ઉભો કર્યો છે. જિલ્લામાં છેલ્લા બે દિવસથી ગૌરીવ્રતને લઈને અનેક સ્થળોમાં લોકમેળા જેવી માનવ મેદની ઉમટવા લાગી છે. એક રીતે તો ગૌરીવ્રત કુંવારીકાઓ માટે પોતાને મનગમતું પાત્ર મળે તે માટે ભગવાન શિવજીને પ્રસન્ન કરવાનું વ્રત છે. પરંતુ ગૌરીવ્રતના કારણે અનેક ધંધા-રોજગારોને નવું ઈંધણ મળ્યાનું ઠેકઠેકાણે જોવા મળી રહ્યું છે.

### દેશ બદલ રહા હૈ..!! ગરીબો અમીર બન્યા

## જિલ્લામાં સરકારી આવાસ બારોબાર વેચી મારવાનું કૌભાંડ

### તપાસ થાય તો સ્ફોટક વિગતો બહાર આવે

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

જિલ્લામાં સરકારની વિવિધ યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારોને આવાસ યોજનાનો લાભ મળ્યો છે પરંતુ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં આવા લાભાર્થીઓએ સરકારી આવાસ બારોબાર વેચી મારી લાખો રૂપિયાની રોકડી કરી લીધાની સ્ફોટક વિગતો બહાર આવતાં સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ અંગેની તપાસ થાય તો સરકારી આવાસ વેચી મારવાનું મોટું કૌભાંડ બહાર આવશે. સરકાર ગરીબો ઉપર દયા ખાઈ તેમને પ્લોટ ફાળવણી સાથે સરદાર આવાસ, ઈન્દીરા આવાસ અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘર બનાવી આપ્યા છે પરંતુ ખુદ ગરીબોએ જ સરકારી તંત્ર અને સરકારને મામૂ બનાવ્યા જેવો ઘાટ સામે આવ્યો છે. જિલ્લામાં જમીનના ભાવ ઉંચકાઈ રહ્યા છે ત્યારે ખાસ કરીને શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં હવે ગરીબ પરિવારો પૈકી જે પરિવારોને સરકારની વિવિધ યોજના અંતર્ગત આવાસ યોજનાનો લાભ મળ્યો તેમાં તેઓ ઠરીઠામ થઈને રહેવા લાગ્યા પરંતુ કેટલાક ચકોર ગરીબોએ રૂા.૯૦ હજારથી ૩ લાખની અંદર પોતાનાં સરકારી આવાસ બારોબાર વેચી માર્યાં છે. જો કે આ મામલો હજુ પૂર્ણપણે પ્રકાશમાં આવ્યો નથી પરંતુ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જિલ્લામાં પાછલા ૧૫ વર્ષમાં જે પણ કોઈ ગરીબોને આવાસ યોજનાનો લાભ આપવામાં આવ્યો છે તેમની સ્થળ સ્થિતિની ચકાસણી કરવામાં આવે તો અનેક સરકારી આવાસ બીજાને વેચી માર્યાની ગંભીર બાબતો પ્રકાશમાં આવે તેમ છે. આ મુદ્દાને ગંભીરતાપૂર્વક લઈ તપાસ હાથ ધરવામાં આવે તેવી માંગ પણ થઈ છે. આવાસ યોજનાનો લાભ મેળવ્યા પછી અનેક પરિવારો સરકારી આવાસ વેચીને દૂરના જિલ્લાઓમાં વસવાટ કરતા હોવાનું પણ જાણવા મળ્યું છે.

### અખિલ ભારતીય ક્ષત્રિય મંચ

## દિલ્હી ગુજરાત પ્રદેશની વિસ્તૃત કારોબારીની ગાંધીનગર ખાતે બેઠક યોજાઈ.....


ડીસા, તા. ૧૦

અખિલ ભારતીય ક્ષત્રિય મંચ દિલ્હી ગુજરાત પ્રદેશની વિસ્તૃત કારોબારીની બેઠક આજ રોજ રાજપૂત ભવન સેક્ટર ૧૨ ગાંધીનગર ખાતે પ્રદેશ પ્રમુખ બહાદુરસિંહ દાદુ સિંહ વાઘેલાના પ્રમુખ સ્થાને યોજાઈ હતી જેમા મુખ્ય મહેમાન પદે ડૉ.શંકરસિંહ રાણા મધુર ડેરી ચેરમેન ગાંધીનગર રહ્યા હતા જ્યારે આમંત્રિત મહેમાનોમાં કાળુસિંહ ગમાનસિહ રાઠોડ (વરિષ્ઠ રાષ્ટ્રીય સંયોજક અખિલ ભારતીય ક્ષત્રિય મંચ? દિલ્હી ) તથા ચંદ્રસિંહ ગુલાબસિંહ ઝાલા (મંત્રી અખિલ ભારતીય ક્ષત્રિય મંચ દિલ્હી), રાજપૂત સમાજ ભવનના પ્રમુખ વિક્રમસિંહ ગોલ,મહાકાલ સેના ગાંધીનગરના પ્રમુખ ક્રિપાલ સિંહ ચાવડા, સંજયસિંહ, વગેરે રહ્યા હતા બેઠકની શરૂઆત દિપ પ્રાગટ્ય અને પ્રાર્થના કરી ખૂલ્લો મૂકવામાં આવ્યો હતો ત્યારબાદ કનુભાઈ ત્રિવેદી દ્વારા પ્રમુખ, મહામંત્રી તથા મુખ્ય મહેમાન સહિત આમંત્રિત મહેમાનોને કુમકુમ તિલક કરવામાં આવ્યું હતું ત્યારબાદ ઉપરોક્ત તમામ સ્ટેજ ઉપર બિરાજમાન તમામનું સાફો બાંધી ફુલહાર પહેરાવી પુષ્પગુચ્છ અર્પણ કરી ભારતીય ક્ષત્રિય સમાજના રીત રિવાજ મુજબ ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ગત મિટિંગની કાર્યવાહી વંચાણે લઈ રજૂ કરવા અંગે તથા નવા વર્ષ માટે ગુજરાત પ્રદેશના નવા હોદ્દેદારો અને કારોબારીની રચના કરવા અંગે તથા ગુજરાત પ્રદેશના જિલ્લા-તાલુકાના હોદેદારોની ચર્ચા કરી વરણી કરવામાં આવી હતી તથા આ તમામ એજન્ડા પ્રમુખ સ્થાનેથી રજૂ કરવામાં આવ્યા હતાં આ બેઠકમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી પધારેલા સર્વે ક્ષત્રિય સમાજના આગેવાનોનુ ઉમળકા ભેર સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ મુખ્ય મહેમાન સહિત આમંત્રિત મહેમાનો અને પ્રમુખ અને મહામંત્રી દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું હતું




અત્રે ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં રાજપૂત સમાજના સ્ટેજ ઉપર બિરાજમાન તમામે સમાજમાં શિક્ષણનું સ્તર વધારવા અને કુરિવાજો અને વ્યસનોથી દૂર રહેવા ઉપસ્થિત તમામ લોકોને અનુરોધ કર્યો હતો. વધુમાં ઉલ્લેખનીય છે કે બેઠક અગાઉ એક દિવસ પહેલા પૂર્વ કેન્દ્રીય મંત્રી શંકરસિંહ વાઘેલાની સાથે બહાદુરસિંહ વાઘેલાએ આમંત્રણ પત્રિકા સાથે મુલાકાત લીધી હતી ત્યારબાદ મધુર ડેરી ચેરમેન ગાંધીનગરના ડૉ.શંકરસિહ રાણાને આમંત્રણ પત્રિકા સાથે મુલાકાત લીધી હતી ત્યારબાદ મહાકાલ સેનાના પ્રમુખ ક્રિપાલ સિંહ ચાવડા અને સંજયસિંહને આમંત્રણ પત્રિકા આપતા તેમના દ્વારા બહાદુરસિંહ વાઘેલાનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

### જન્મદિને વધામણી



ભાવિક એચ ગુરુબક્ષાણી
શિક્ષક - સાબરકાંઠા
મો. ૮૫૧૧૦૪૭૮૪૬

## જિલ્લામાં વરસાદના હેત વચ્ચે ખેડૂતોએ વાવણી કાર્ય શરૂ કર્યું

### ખેતસીમાડા જીવંત બન્યા, વાવણીમાં ઝડપ આવે તેવી સંભાવના

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી આકાશમાંથી ધીમીધારે કાચુ સોનું વરસી રહ્યું છે. ખેડૂતોએ વાવણી કાર્ય શરૂ કરતાં સૂમસામ ભાસતા ખેતસીમાડા ખેડૂત અને ખેતમજૂરોની હાજરીથી જીવંત બન્યા છે. છેલ્લા બે દિવસ દરમ્યાન કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદી ઝાપટાં વરસતાં ખેડૂતોએ વાવણી કાર્યમાં ઝડપ લાવી દીધી છે. જુલાઈના બીજા સપ્તાહ સુધીમાં વાવણી કાર્યમાં ઝડપ આવે તેવી સંભાવના ખેતી સૂત્રોએ વ્યકત કરી છે.

જિલ્લામાં જુન માસ પસાર થઈ ગયો પરંતુ વાવણીલાયક વરસાદ ન વરસતાં ચોમાસાનું ખેતી ચિત્ર ધુંધળું બન્યું હતું. હવામાન વિભાગે ૩ દિવસ અગાઉ ભારે વરસાદની આગાહી કરી ત્યારે જિલ્લામાં માંડ કેટલાક તાલુકાઓમાં એક થી દોઢ ઈંચ વરસાદ વરસ્યો જેથી ખેડૂતોએ હવે ઓછા કે ભારે વરસાદની આગાહીની પરવા કર્યા વિના ધીમી ધારે વરસતા વરસાદમાં પોતાનું કિસ્મત કુદરતના હાથમાં તેમ વિચારી વાવણી કાર્ય શરૂ કરી દીધું છે. તા.૯ જુલાઈથી સાઠંબા થી પોશીના પટ્ટાના હજારો ખેડૂતો વાવણી કાર્યમાં જોતરાઈ જતાં ખેતસીમાડાના દ્રશ્યો નયનરમ્ય જોવા મળ્યા હતા. ખેતરો ખેડાયેલા હોય અને તેમાં વાવણી કાર્ય કરતા ખેડૂતોને જોવા માટે વાહન ચાલકો પણ માર્ગો ઉપર પોતાનાં વાહન ઉભાં રાખી જમીનમાંથી ધાન્ય મેળવવાની ખેડૂતોની કોશિષના સાક્ષી બન્યા હતા. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન જિલ્લાના ૧૪ પૈકી ૮ તાલુકામાં એક થી ચાર ઈંચ વરસાદ નોંધાયો છે.

### વરસાદના પ્રારંભ સાથે ઈંટ ઉત્પાદન ઠપ્પ

## જિલ્લામાં ચોમાસામાં ૫૦૦૦ શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૦

જિલ્લામાં વરસાદના પ્રારંભ સાથે ઈંટ ઉત્પાદકોએ ભઠ્ઠામાં ઈંટનું ઉત્પાદન બંધ કરી દેતાં ચોમાસામાં બંન્ને જિલ્લાના ૫૦૦૦થી વધુ શ્રમજીવીઓએ રોજગારી ગુમાવી છે. ચોમાસાની સીઝનમાં ઈંટોની માંગ ઘટવા ઉપરાંત ઈંટ ઉત્પાદન સ્થળે વરસાદી પાણી ભરાઈ જતાં ભઠ્ઠા માલિકોને ન છૂટકે ઉત્પાદન બંધ કરવાનો વારો આવતાં પંચમહાલના શ્રમજીવીઓએ વતનની વાટ પકડી છે.

જિલ્લામાં કંસ્ટ્રક્શનના કામનો ધમધમાટ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જોવા મળી રહ્યો છે. બાંધકામ ક્ષેત્રે ઈંટોની મોટી માંગ રહેતી હોવાથી રાત-દિવસ ઈંટવાડા ઉદ્યોગ હમણાં સુધી ધમધમતો હતો પરંતુ વરસાદના આગમન સાથે જ ઈંટ ઉત્પાદન ઠપ્પ થયું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પંચમહાલના હજારો શ્રમજીવીઓ ઈંટના ભઠ્ઠામાં કામ કરી પરિવારનું ભરણપોષણ કરી રહ્યા છે. પરંતુ ચોમાસામાં શ્રમજીવીઓ માટે મુશ્કેલ દિવસો શરૂ થયા છે. વરસાદના પ્રારંભ સાથે જ ઈંટવાડા ઉદ્યોગમાં કામકાજ બંધ થયું છે. ચોમાસામાં ઈંટોની માંગ ઘટી જતાં અને ઈંટ ઉત્પાદન સ્થળે વરસાદી પાણી ભરાઈ જતાં ઈંટવાડા ઉદ્યોગ બંધ થયો છે. જિલ્લામાં ૫૦૦૦થી પણ વધુ શ્રમજીવીઓને ભરચોમાસે રોજગારી ગુમાવાનો વારો આવ્યો છે. જિલ્લાના બાયડ, મોડાસા, ધનસુરા, માલપુર, મેઘરજ, પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા અને હિંમતનગર સહિતના ૬૦૦થી વધુ ઈંટ ઉત્પાદકોએ ચોમાસામાં ઈંટનું ઉત્પાદન બંધ રાખ્યું છે જેથી રોજગાર વગરના શ્રમજીવીઓ વતન તરફ રવાના થઈ રહ્યા છે. જિલ્લામાં વરસાદના આગમન સાથે બાંધકામ ક્ષેત્રે ધીમી ગતિના કામથી ઈંટોની માંગ એકાએક ઘટી છે. આ ઉપરાંત વરસાદમાં કાચી ઈંટો પીગળી જાય તેમ હોવાથી ઈંટ ઉત્પાદકોને મને ક મને ઉત્પાદન બંધ કરવાની નોબત આવી છે.